**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૨/૦૩/૨૦૧૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૦/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૮૦ લીટર વૉશ, ૩૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૫ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન અને ૦૨ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૮,૭૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૧/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૨/૧૫</u>**

**નરોડા :** હિરલબહેન રમેશભાઇ પુરબીયા (ઉ.વ.૧૫)(રહે.ચિત્રકુટ આવાસ, મનોહરવિલા ચાર રસ્તા, નરોડા) ને તા.૧૯/૩/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી પિયુશ દિલીપભાઇ પરમાર ઘરથી સ્કુલે જતાં રસ્તામાંથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ હિરલબહેનના પિતા રમેશભાઇ પુરબીયાએ તા.૨૧/૩/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.પી.પીરોજીયા ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૩/૧૫</u>**

**વટવા :** અશોકભાઇ શંભુભાઇ ભાવસાર (રહે.ઓમકાર રેસીડેન્સી, પારસનગરની સામે, વટવા રોડ, વટવા) એ તા.૨૧/૩/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૮/૩/૧૫ બપોરનાં ૩/૦૦ થી તા.૨૦/૩/૧૫ નાં કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૯૩,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.

**દાણીલીમડા :** મહેન્દ્રભાઇ જશરાજભાઇ શાહ (રહે.મહાલક્ષ્મી કોમ્પલેક્ષ, નવા વિકાસગૃહ રોડ, પાલડી) એ તા.૨૧/૩/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૦/૩/૧૫ સાંજનાં ૭/૦૦ થી તા.૨૧/૩/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઇલાબેન એસ્ટેટ ખાતે આવેલ, રાજ ટેક્ષટાઇલ્સ નામની કાપડની ફેક્ટરીના વેંટીલેશનની લોખંડની જાળી તોડી અજાણી વ્યક્તિ ફેક્ટરીમાં પ્રવેશ કરી, પી.સી.કોટનનાં તાકા નંગ-૩૫ કુલ કિંમત રૂપિયા ૧,૦૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૪/૧૫</u>**

**નારણપુરા :** મિનાબેન જનકભાઇ રાવલ (રહે.મહાવીર એપાર્ટમેન્ટ, મિરામ્બિકા સ્કુલ પાસે, નારણપુરા) તા.૨૧/૩/૧૫ બપોરના ૪/૨૦ વાગ્યાનાં સુમારે ઘર નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં) મિનાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મિનાબહેન રાવલે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૫/૧૫</u>**

**માધવપુરા :** જહીરઅબ્બાસ ઉર્ફે જાવેદ પીરભાઇ શેખ (રહે.દાંડીયાવાડ, ડબગરવાડ, દરીયાપુર) એ તા.૨૧/૩/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૭/૩/૧૫ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે હાજીપુરા ગાર્ડન પાસે આવેલ સુપર માર્કેટની બાજુમાં સ્વામીનારાયણ મંદિર ગેટ નં.૭ આગળ પોતાની સ્કોર્પીયો કાર નંબર જીજે.૦૧.એચ.એફ.૬૨૭૮ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૧૮/૩/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.તાવિયાડ ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૬/૧૫</u>**

**દાણીલીમડા :** ધારીણીબહેન રમેશચંદ્ર પરમાર (ઉ.વ.૩૦)(રહે.દુધાભાઇની ચાલી, ચેપી રોગની હોસ્પીટલ સામે, પીરાણા રોડ, બહેરામપુરા, દાણીલીમડા) તા.૨૦/૩/૧૫ સવારનાં ૧૦/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે દિવેટીયા પ્રાયમસ ઉપર ચા બનાવતાં હતા દરમ્યાન પ્રાયમસમાં ભડકો થતાં, પહેરેલ કપડાંમાં આગ લાગતાં, શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને વા.સા. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૩/૧૫ નાં કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિશ્વાસભાઇ શ્યામરાવ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.